<u>ગાજરઘાસ જાગૃતિ સપ્તાહ અંતર્ગત એક દિવસીય જાગૃતિ -વ- તાલીમ કાર્યક્રમ યોજાયો</u>

ગાજરઘાસ જાગૃતિ સપ્તાહના ભાગ રૂપે તા. ૨૨.૦૮.૨૦૧૭ ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ અને AICRP - નિંદણ નિયંત્રણ યોજના, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના સંયુક્ત ઉપક્રમે મેરા ગાંવ મેરા ગૌરવ યોજના હેઠળ દત્તક ગામ મુંજકુવા ખાતે ગાજરઘાસ જાગૃતિ સપ્તાહ અંતર્ગત એક દિવસીય જાગૃતિ-વ-તાલીમ કાર્યક્રમ યોજાયો, જેમાં પાંત્રીસ જેટલા ખેડૂત ભાઇઓને ગાજર ઘાસના ઉપદ્રવ, નુકશાનો અને તેના નિયંત્રણના ઉપાયો પરત્વે માહિતગાર કરી ભારત સરકાર દ્વારા પ્રસ્તુત સદર વિષયોક્ત બાબતેની ટૂંકી વિડીયો ફિલ્મ બતાવી. કાર્યક્રમમાં નિંદણ નિયંત્રણ યોજના, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના મદદનીશ પ્રાધ્યાપક, (જમીન વિજ્ઞાન) શ્રી ડી. ડી. ચૌધરીએ ગાજરઘાસની સંપૂર્ણ માહિતી આપેલ તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજના વૈજ્ઞાનિક(એગ્રોનોમી) શ્રી યોગેશભાઇ સી. લકુમે ખેડૂત ભાઇઓને નિંદણથી થતા નુકશાન અને હઠીલા નિંદણનો ફેલાવો થતા અટકાવવાના ઉપાયો જણાવ્યા. ત્યારબાદ નિંદણ નિયંત્રણ યોજના, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના મદદનીશ પ્રાધ્યાપક, (માઇક્રોબાયોલોજી) ડૉ. એચ.કે.પટેલ દ્વારા જૈવિક ખાતરો પરત્વે માહિતગાર કર્યા હતા અંતે ગામના દુધ સહકારી મંડળીના ચેરમેનશ્રી એ કાર્યક્રમ યોજવા તથા હાજર રહેવા બદલ સર્વેનો આભાર વ્યક્ત કર્યો.






